
વર્ષ : ૩ અંક : ૨ સપ્ટેમ્બર : ૨૦૨૦

# પલાશ




શ્રી ઝવેરચંદ મેઘાણી

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સુરેન્દ્રનગર

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – સુરેન્દ્રનગરની કેટલીક તસ્વીરો



શ્રી ગિજુભાઈ બધેકા પ્રતિમાનું અનાવરણ કરતા ડૉ. ટી. એસ. જોશી



ડાયેટના લેક્ચરર શ્રી એન. કે. રાવળ વયનિવૃત્તિ સમારંભ



જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી મીતાબેન ગઢવીનું ડાયેટમાં સ્વાગત

વર્ષ : ૩

# પલાશ

અંક : ૨


અધ્યક્ષ : ડૉ. સી. ટી. ટૂંડિયા
તંત્રી : ડૉ. કોમલબહેન આર. પંડ્યા
સહતંત્રી : ડૉ. રાજેનકુમાર ડી. પિતલિયા

## સલાહકાર સમિતિ

શ્રી વિમલભાઇ યુ. દંગી
ડૉ. મનીષભાઇ એન. પંડ્યા
શ્રી જયેન્દ્રભાઇ જે. જોશી
ડૉ. સુમનબહેન જી. પંડ્યા
શ્રી પીયૂષભાઇ એમ. મહેતા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રીમતી ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઇ કે. ગોસાઇ

## સંપાદક મંડળ

શ્રી ચંદ્રકાન્તભાઇ વ્યાસ
ડૉ. મહેશભાઇ રાવલ
ડૉ. અલકાબહેન દેવમુરારી
શ્રી આર. ડી. પાંચાણી
શ્રી અશોકભાઇ વાઘેલા
શ્રી હિતેશભાઇ ઠાકર
શ્રી જાતુશભાઇ જોશી
શ્રી સંજ્ઞાબહેન આચાર્ય
શ્રી નીતિનભાઇ પંચાલ
શ્રી ધનજીભાઇ વાલેરા
શ્રી મુકેશભાઇ બદ્રેશિયા


## પલાશત્વ

કોરોનાની વૈશ્વિક મહામારી સમગ્ર વિશ્વમાં ચાલી રહી છે. આ પરિસ્થિતિમાં શિક્ષણ - પ્રશિક્ષણ માટે અનેક પરિબળોનો સામનો કરવાનો થઇ રહ્યો છે.

આ પરિસ્થિતિમાં ડાયેટ - સુરેન્દ્રનગર દ્વારા પ્રાથમિક - માધ્યમિક શિક્ષણને Home Learning અંતર્ગત પૂરક વીડિયો સામગ્રી પૂરૂ પાડવાનું કાર્ય થઇ રહ્યું છે. જે અંતર્ગત ડાયેટ - સુરેન્દ્રનગરની એક YouTube ચેનલ શરૂ કરવામાં આવી છે. જેનું નામ છે dietsurendranagar. જે આપ સૌ સારસ્વત ભાઇઓ-બહેનો સબસ્ક્રાઇબ કરશો તેવી વિનંતી કરું છું.

નિશાળો હાલ સુમસામ ભાસે છે. એ કિલકિલાટ - રમતો - ગમતો - વિદ્યાર્થીઓનું ગુંજન ફરી વર્ગખંડો - શાળાઓમાં ગુંજતું થાય તેવી ઇશને પ્રાર્થના.

શુભમ્ ભવતુ !


### : પત્રવ્યવહાર – સંપર્ક :

ફોન નં. (૦૨૭૫૨) : ૨૨૩ ૧૭૦
મોબાઇલ નં. : ૭૫૬૭૮ ૬૫૪૬૭
ઇ-મેઇલ : palash.dietsnr@gmail.com
બ્લોગ : dietsurendranagar.blogspot.com
વેબસાઇટ : www.dietsnr.org

શ્રી ઝવેરચંદ મેઘાણી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
શ્રી સ્વામિનારાયણ ગુરૂકૂળ સામે, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧.

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | વર્ગ અને સ્વર્ગ | ભાણદેવ | ૩ |
| ૨ | મુઠ્ઠી ઊંચેરા માનવી, સેવાના ભેખધારી લોકસેવક, ફકીર અને સત્યોપાસક | ડૉ. સી. ટી. ટૂંડિયા | ૭ |
| ૩ | સામતપરનો ઠાકર, રામઠાકર | મુકેશભાઇ એસ. બદ્રેશિયા | ૧૦ |
| ૪ | દિવા સ્વપ્ન, ગિજુભાઇ બધેકા | પંચાલ નીતિનકુમાર ભરતકુમાર | ૧૨ |
| ૫ | શિક્ષક દર્શન | ભરતભાઇ એન. દેવૈયા | ૧૪ |


## : લેખકો માટે :

- પલાશ માટેના લેખ શ્રુતિ ફોન્ટ, સાઇઝ ૧૨ મા કમ્પ્યુટરરાઇઝડ કરી તેની સોફ્ટ કોપી પલાશના ઇ–મેઇલ એડ્રેસ : palash.dietsnr@gmail.com પર મોકલવા અને ભાવ–પ્રતિભાવો પણ ઉપરના ઇ–મેઇલ એડ્રેસ ઉપર મોકલવા.
- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપયોગી બને તથા શિક્ષકની શૈક્ષણિક ગુણવત્તામાં વૃદ્ધિ કરે તેવા લેખો આવકાર્ય છે.
- પ્રાથમિક શિક્ષણમાં નવીનીકરણ, આધુનિક વલણ તેમજ શૈક્ષણિક પરિવર્તન ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિ કે સંસ્થા વિશેની માહિતી તથા પરિચય લેખ આવકાર્ય છે.
- લેખ મૌલિક, સુવાચ્ય, સર્જનાત્મક તેમજ જોડણીદોશ રહિત, પ્રિન્ટ કરેલો હોવો જોઇએ.
- લેખની એક નકલ પોતાની પાસે રાખવી. અસ્વીકૃત લેખ પરત મોકલવામાં આવશે નહીં.
- લેખ અનુકૂળતા મુજબ પ્રગટ થશે. તે અંગેનો વિશેષ પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં.
- લેખના લખાણ અંગેની સંપૂર્ણ જવાબદારી જે – તે લેખકની રહેશે.
- લેખમાં પ્રગટ થતા વિચાર – વિગત સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અધ્યક્ષ, તંત્રી, સહતંત્રી, સલાહકાર સમિતિ કે સંપાદક મંડળ સહમત છે એમ માનવું નહિં.

# વર્ગ અને સ્વર્ગ
## (ભાણદેવ)

'વર્ગ સ્વર્ગ બની શકે?'

'હા, વર્ગ સ્વર્ગ બની શકે !'

'પણ કેવી રીતે?'

'વર્ગની આગળ 'સ્' મૂકવાથી 'સ્વર્ગ' બની જાય છે, એમ કહો છો?'

એ તો માત્ર શબ્દના અક્ષરોની ગોઠવણીની બાબત છે. 'વર્ગ' શબ્દમાંથી 'સ્વર્ગ' શબ્દ બનાવવો હોય તો વર્ગની આગળ ''સ્' અક્ષર મૂકી દેવો, એટલું જ પર્યાપ્ત છે, પરંતુ શાળાના વર્ગને સ્વર્ગ જેવો બનાવવો હોય તો બીજુ ઘણું ઉમેરવું પડે તેમ છે.

એવા શિક્ષકો હોય છે, જેઓ વર્ગમાં પ્રવેશ કરતી વખતે ખચકાટ અનુભવે છે. તેમના વર્ગ પ્રત્યે કંટાળો, અણગમો અને કવચિત ભય પણ હોય છે. તેમના માટે વર્ગ અને વર્ગમાં શિક્ષણકાર્ય એક સજા કે એક ન છૂટકે કરવું પડતું કાર્ય હોય છે. તેમના માટે વર્ગ સ્વર્ગ નથી, પરંતુ સજાગૃહ છે.

હવે આપણી સમક્ષ પ્રશ્ન આવે છે : વર્ગ સ્વર્ગ કેવી રીતે બને ?

(૧) શિક્ષકના ચિત્તમાં એવી દ્રઢ પ્રતીતિ હોવી જોઈએ કે શિક્ષણકાર્ય એ ઉમદા પુણ્યકાર્ય છે. વિદ્યાર્થીના જીવનવિકાસમાં સહાયક બનવાની આ કાર્ય એક ગૌરવપૂર્ણ ઘટના છે અને શિક્ષક હોવું તે પૂર્વજન્મના પુણ્યકાર્યનું સુફળ છે. આવી સમજપૂર્વક જે શિક્ષકને પોતાના કાર્યમાં હૃદયગત રસ છે તેમને માટે વર્ગ સ્વર્ગ બની શકે છે.

(૨) શિક્ષક જે વિષયનું શિક્ષણકાર્ય કરે, તે વિષય પર તેનું પ્રભુત્વ હોય તે ઉત્તમ શિક્ષણ માટે અનિવાર્ય છે. જે ભણાવવું છે તેનું પર્યાપ્ત જ્ઞાન ભણાવનારને ન હોય તો તેના શિક્ષણકાર્યમાં તેજ પ્રગટી શકે નહીં. શિક્ષકમાં આત્મવિશ્વાસનો અભાવ હોય ત્યારે ઘણીવાર તેના કારણમાં આ વિષય પરના પ્રભુત્વનો અભાવ પણ હોય છે.

વર્ગને સ્વર્ગ બનાવવા માટે આ એક અનિવાર્ય આવશ્યકતા છે – શિક્ષકનું વિષય પરનું પ્રભુત્વ.

(૩) શિક્ષકનું વિષય પર પ્રભુત્વ હોય તે આવશ્યક છે, અનિવાર્ય છે અને છતાં પર્યાપ્ત નથી. વિષય શિક્ષણની પદ્ધતિ પર પણ શિક્ષકનું પ્રભુત્વ હોય તે આવશ્યક છે.

એક વિદ્વાન માટે જ્ઞાન પર્યાપ્ત છે, પરંતુ શિક્ષક માટે જ્ઞાન પર્યાપ્ત નથી. શિક્ષકમાં તે જ્ઞાન વિદ્યાર્થીના ચિત્તમાં સંક્રમિત કરવાની આવડત પણ હોવી જોઇએ. એક સમર્થ વિદ્વાન પણ જો તેનામાં શીખવવાની આવડત ન હોય તો નિષ્ફળ શિક્ષક પુરવાર થઇ શકે છે.

શિક્ષકને સારી રીતે શીખવતાં આવડે તો જ એનો વર્ગ સ્વર્ગ બની શકે, અન્યથા નહીં.

(૪) ડાહ્યા શિક્ષકે પૂર્વતૈયારી વિના કદી વર્ગમાં ન જવું. શિક્ષક વિદ્વાન હોય અને પોતાના વિષયના શિક્ષણકાર્યનો દીર્ઘકાલીન અનુભવ હોય તો પણ તેઓ કોઈપણ પ્રકારની પૂર્વતૈયારી વિના વર્ગમાં પ્રવેશે તે ઉચિત નથી. વર્ગમાં પ્રવેશતાં પહેલાં શિક્ષકે આટલી પૂર્વતૈયારી અચૂક કરી લેવી જોઇએઃ

(અ) વિદ્યાર્થીઓને જે ભણાવવાનું છે તે વિષયવસ્તુ શિક્ષકના મનમાં સ્પષ્ટ હોવું જોઈએ.

(બ) જે ભણાવવાનું છે, તે વિષયવસ્તુ વિદ્યાર્થી માટે પણ સ્પષ્ટ કેવી રીતે બને તે વિશે પણ અર્થાત શીખવવાની પદ્ધતિ વિશે પણ શિક્ષક સ્પષ્ટ હોય તે આવશ્યક પૂર્વતૈયારી છે.

(ક) જે વિષય ભણાવવો છે તે વિષય અંગેના નવાં નવાં વિકાસથી શિક્ષકે સતત માહિતગાર રહેવું જોઇએ અને વિષયશિક્ષણની નવી નવી પદ્ધતિઓ વિશે પણ તેણે જાણકાર રહેવું જોઇએ.

આટલી પૂર્વતૈયારી પછી જ શિક્ષકે વર્ગમાં પ્રવેશ કરવો જોઇએ.

(૫) શિક્ષક ભણાવવા માટે સજ્જ અને આતુર હોય એટલું જ પૂરતું નથી. વિદ્યાર્થી પણ ભણવા માટે આતુર હોય તે અનિવાર્ય છે. વિમુખ વિદ્યાર્થી ઊંધો ઘડો છે. તેને નળની નીચે મુકો અને નળ ચાલુ કરો તો પણ ઘડો ભરાઈ શકે નહીં. આ ઘડો નળની નીચે સવળો કરીને મુકવો જોઇએ. તે જ રીતે વર્ગમાં વિદ્યાર્થીઓને અભિમુખ બનાવવા જોઇએ.

વિદ્યાર્થીઓને અભિમુખ બનાવવા કેવી રીતે ? વિદ્યાર્થીઓને

શિક્ષણાભિમુખ બનાવવાની અને તેમની અભિમુખતા જાળવી રાખવાની જવાબદારી શિક્ષકની છે.

તે માટે શિક્ષક આટલું કરી શકે :

(ક) વર્ગમાં કદી મોડા ન પડો.

(ખ) પ્રસન્નચિત્તે અને સ્મિતપૂર્વક વર્ગમાં પ્રવેશો.

(ગ) શિક્ષણકાર્યનો પ્રારંભ એવી સંદર અને ચમત્કૃતિપૂર્ણ રીતે કરો કે વિદ્યાર્થીઓ એક ક્ષણમાં અભિમુખ બની જાય.

(ઘ) ઉમંગપૂર્વક ભણાવો. શિક્ષકના ઉમંગ દ્વારા વિદ્યાર્થીઓમાં ઉમંગ જાગશે. ઉમંગ અને કંટાળો બંને ચેપી હોય છે.

(ચ) કઠિન વિષય સરળ બનાવીને ભણાવો. વિદ્યાર્થીઓને રસ પડે તેવી રીતે ભણાવો.

(૬) તમારા હૃદયનો તાર વિદ્યાર્થીઓના હૃદય સાથે જોડાઇ જવો જોઇએ અને આ તાર સતત અખંડિત રહેવો જોઇએ.

તાનપૂરો સૂરમાં મેળવતી વખતે સંગીતકાર જીવાળી ગોઠવે છે. જ્યાં સુધી જીવાળી બરાબર ગોઠવાય નહીં ત્યાં સુધી તાનપૂરામાંથી સંગીત પ્રગટતું નથી. વર્ગશિક્ષણમાં પણ એક જીવાળી હોય છે. શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે મધુર અને સુસંવાદી સબંધો – આ વર્ગની જીવાળી છે. આ જીવાળી બરાબર ગોઠવાય તો જ શિક્ષણનું સંગીત પ્રગટે છે, અન્યથા નહીં.

આ ઘટના મહદંશે અનુભવગમ્ય છે. બધું જ શબ્દો દ્વારા સમજાવી શકાય નહીં. જાગૃત શિક્ષકે જાતે આ સત્ય સમજી શકે.

(૭) વિષય શિક્ષણનું જીવન સાથે અનુસંધાન થવું જોઇએ. વિદ્યાર્થીઓને એવી પ્રતીતિ થવી જોઇએ કે તેઓ જે ભણે છે, તે સર્વ તેમનાં જીવન માટે ઉપયોગી છે, મૂલ્યવાન છે. આમ બને તો જ વિદ્યાર્થીઓ ભણવા માટે નિષ્ઠાપૂર્વક આતુર બને છે. આ માટે શિક્ષકે પોતે જે શીખવી રહ્યાં છે તેનું જીવન સાથે સતત અનુસંધાન દર્શાવતાં રહેવું જોઇએ. દા.ત. ગણિતના શિક્ષકે વિદ્યાર્થીઓને વારંવાર સમજાવતાં રહેવું જોઇએ કે ગણિતના અભ્યાસથી તેમના જીવન વિકાસમાં કેટલી અને કેવી સહાય મળે છે. આ ઉપરાંત પ્રત્યેક મુદ્દાનું જે તે સમગ્ર વિષય સાથે પણ અનુસંધાન જોડાતાં રહેવું જોઇએ.

કોઈપણ વિષય જીવનથી ભિન્ન નથી અને વિષયનો કોઈ પણ મુદ્દો તે વિષયથી ભિન્ન નથી – આ સમજ વિદ્યાર્થીઓના શિક્ષણરસ માટે ખૂબ મૂલ્યવાન છે.

(૮) શિક્ષણની ઘટનાની બે પેટા ક્રિયાઓ છે – શીખવવું ને શીખવું. શીખવવાની કૃતાર્થતા વિદ્યાર્થી શીખે તેમાં છે. શિક્ષક ગમે તેટલું સારું શીખવે, પણ વિદ્યાર્થીમાં શીખવાની ઘટના ઘટે નહીં તો તે શીખવવાની ક્રિયા અકૃતાર્થ રહે છે. શીખવવાની ક્રિયાનો હેતુ ત્યારે જ સિદ્ધ થાય છે જ્યારે વિદ્યાર્થી શીખે છે.

શિક્ષણના કેન્દ્રમાં વિદ્યાર્થી છે, શિક્ષક નહીં. શિક્ષણની ઘટનામાં શીખવું કેન્દ્રમાં છે. શીખવવું નહીં. શિક્ષક પોતાની રીતે શીખવતો રહે અને વિદ્યાર્થીઓ શીખી રહ્યાં છે કે નહીં તે વિશે બેદરકાર રહે તો તે શિક્ષણના હેતુને ન સમજવા બરાબર છે. શિક્ષકે સતત જાગૃત રહેવું જોઈએ કે વિદ્યાર્થી શીખી–સમજી રહ્યાં છે કે નહીં.

(૯) શિક્ષણની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી હોય તે આવશ્યક છે. વ્યાખ્યાતા અને શ્રોતાજનોનો જેવો સંબંધ છે તેવો સંબંધ શિક્ષક અને વિદ્યાર્થીઓનો નથી. વિદ્યાર્થીઓ માત્ર સાંભળે જે એમ નહીં, ન સમજ્યા ત્યાં પ્રશ્નો પૂછે, ન સમજાય તો પોતાની મુંઝવણ રજૂ કરે. શિક્ષક વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછેને તેઓ સમજે છે કે નહીં તેની ચકાસણી કરતાં રહે. વિદ્યાર્થીની ભાગીદારી કેવી અને કેટલી હોઈ શકે તેનો આધાર જે તે વિષય પર પણ રહે છે. વિદ્યાર્થીઓ વર્ગશિક્ષણમાં વધુને વધુ સામેલ થાય તેવી જાગૃતિ રાખશે તો તેમની ભાગીદારીનું સ્વરૂપ તો આપોઆપ રચાઈ જાય છે.

(૧૦) વિદ્યાર્થીઓ સમજે છે કે નહીં ? વિદ્યાર્થીઓ અભિમુખ છે કે નહીં ? વિદ્યાર્થીઓને રસ પડે છે કે નહીં ? આ પ્રકારની જાગૃતિ શિક્ષકે સતત દાખવવી જોઈએ. શિક્ષકે વિદ્યાર્થીઓને ભણાવવાનું છે, દિવાલોને નહીં.

શાળા એક મંદિર છે, વિદ્યાર્થી દેવ છે, શિક્ષક પૂજારી છે, સંચાલકો મંદિરના વ્યવસ્થાપકો છે અને શિક્ષણકાર્ય પૂજાકર્મ છે.

પ્રત્યેક શાળાના દ્વાર પર, પ્રત્યેક વર્ગના દ્વાર પર, પ્રત્યેક વર્ગની દિવાલ પર સોનાના અક્ષરે લખવો : 'Students are God'

**- સરસ્વતી નિકેતન, જોધપુર (નદી) જિ.મોરબી.**

**મૈત્રી વિદ્યાપીઠ, અંક નં.૧૬૨, વર્ષ - ૪૩માંથી, સાભાર.**

# મુઠ્ઠી ઊંચેરા માનવી, સેવાના ભેખધારી, લોકસેવક, ફકિર અને સત્યોપાસક

**- ડૉ. સી.ટી. ટૂંડિયા**

ભગવો ઝભ્ભો, ગળામાં રૂદ્રાક્ષની માળા, શાંતચિત્તે ચાલવું–બોલવું, લલાટ પર તેજ, ધીમો પણ સ્પષ્ટ ગુજરાતી ભાષાનો લહેકો, મંદમંદ હાસ્ય, જટાધારી જોગી જેવા લાંબા વાળ, ભજનાનંદી, જેમની આંખમાં સમગ્ર વિશ્વનું દર્શન થાય, તળપદા શબ્દનો શબ્દકોશ, સંવેદનાની અભિવ્યક્તિનો સર્જક, ઝાલાવાડની જળ સમસ્યાના જાણતલ, ધન્યધરા ઝાલાવાડનું ખમીર, તરણેતરના લોકમેળાને પ્રસિદ્ધ બનાવનાર અને ઝાલાવાડના મૂર્ધન્ય લોકસેવક એટલે શ્રી અરવિંદભાઇ આચાર્ય.

ઘરશાળા (વઢવાણ)માં મારા જેવા અનેક વિદ્યાર્થીઓના પૂજનીય ભાઇ, લોકસેવક તો ખરાં પણ ફકિર અને સત્યોપાસક ઓલિયો માણસ. સાધુચરિત જીવન જીવતો સેવાનો ભેખધારી. જીવ્યા ત્યાં સુધી સત્યની ઉપાસના અને તેવું જ જીવન, સત્યોપાસક.

શ્રી અરવિંદભાઇ પ્રાણજીવન આચાર્યનો જન્મ મોસાળના ગામ રાજસીતાપુર (ધ્રાંગધ્રા) ગામે તારીખ ૦૧લી ડીસેમ્બર–૧૯૨૩ના રોજ થયો હતો. તેઓ ઇન્ટર સુધી ભણ્યા. આ સમય દરમિયાન ગાંધીજીના નેતૃત્વમાં સમગ્ર રાષ્ટ્રમાં સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેની હાંકલ થઇ ગયેલી, જેમાં અરવિંદભાઇ રંગાયા, તેમના નામના અર્થ મુજબ ખીલી ગયા. ૧૯૪૨ની ‘‘ભારત છોડો’’ (Quit India) લડતમાં સાથીઓ સાથે ભૂગર્ભમાં ગોધરામાં રહી લડતના કામ કર્યાં. આઝાદી બાદ નવજીવન પ્રેસમાં કિશોરભાઇ મશરુવાલા સાથે કામ કરવાનો અવસર પ્રાપ્ત થયો અને જીવનઘડતર થયું.

ઘરશાળા (વઢવાણ) શતાબ્દી વર્ષની ઉજવણી કરવા માટે જઇ રહ્યું છે. ઘરશાળાની ભૂમિ એ તપોભૂમિ છે. ઘરશાળામાં મહાત્મા ગાંધીજી સહિત અનેક સત્યાગ્રહીઓ રોકાઇ ગયેલાં છે. પૂ.શિવાનંદ સ્વામી, પૂ. ફૂલચંદભાઇ શાહ અને પૂ. ચીમનભાઇ વૈષ્ણવ આ પવિત્રભૂમિને પોતાની કર્મભૂમિ બનાવેલી છે. નિવૃત્ત કેળવણી નિરીક્ષક અને વિદ્યાર્થીઓના પ્રિય પૂ. પ્રાણજીવનદાદા અને તેમના દીકરા એટલે અરવિંદ આચાર્ય. આ સંસ્થામાં સામાજિક અને આર્થિક રીતે પછાત સમાજના મારા જેવા કેટલાય શિક્ષિત થયાં, અને દીક્ષિત પણ.

મારું સદ્ભાગ્ય છે કે મારું માધ્યમિક શિક્ષણ ઘરશાળાની નિવાસી શાળામાં થયું. જ્યાં શ્રમ, સ્વચ્છતા, નિયમિતતા, સાદગી અને નઈ તાલીમના સિદ્ધાંતો સાથે જીવનનું ઘડતર, ચણતર, ગણતર અને ભણતર પ્રાપ્ત થયું. આપણાં વ્યક્તિત્વવિકાસમાં કોઈનો પડછાયો હોય છે. જે આપણને ચુંબકત્વની જેમ સમગ્ર જીવન દરમિયાન ખેંચે છે. આ સમયે અમારા ગૃહપતિ, શિક્ષક અને મોટાભાઈ પૂ. સરતાનભાઈ દેસાઈને યાદ કરી લઉં. આ સૌ વ્યક્તિત્વોએ ઘરશાળામાં મારું ઘડતર કરેલું છે.

હું ઘરશાળામાં ભણ્યો, ગણ્યો અને ખીલ્યો. જ્યાં જેમનાથી હું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે શીખતો રહ્યો તે હતા ગુરુવર્ય અરવિન્દ આચાર્ય. જેઓ ઘરશાળામાં રાત્રી પ્રાર્થનાસભામાં ગુજરાતી શીખવે, અંગ્રેજી પણ શીખવે. આધ્યાત્મિક અને દેશ–વિદેશની વાર્તાઓ કહે. ઘરશાળાના રસોડે જઈ રસોઈ ચેક કરે, વિદ્યાર્થીઓને જમવાનું તો બરાબર મળે છે કે કેમ ? ખેવના તો એવી રાખે કે જેમાં તમને માતૃવાત્સલ્ય ભારોભાર નીતરતું દેખાય. સાદગી, સત્ય, સંવેદના, સધર્મી અને સહૃદયતાનું પંચામૃત વ્યક્તિત્વ.

શ્રી અરવિંદ આચાર્ય એટલે સંવેદનાથી ધબકતો સર્જક. જેમણે અનેક પુસ્તકોમાં લેખક અને સર્જક તરીકે અનેક પુસ્તકો લખેલાં છે. મુઠ્ઠી ઊંચેરી મહિલાઓ, સુરેન્દ્રનગર જિલ્લાના યાત્રાધામો અને પ્રવાસ સ્થળો, ગાંધીના ગોવાળિયા, ગ્રામજીવનના ઘડવૈયા અને સરનામા વગરના માનવી તથા સુરેન્દ્રનગર જીલ્લાની ઐતિહાસિક તવારીખ મુખ્ય છે. સરનામા વગરના માણસ પુસ્તકનો અંગ્રેજીમાં અનુવાદ શ્રી વિનોદભાઈ મેઘાણીએ કરેલો છે.

જેઓ પંચાયતીરાજની રચના ૧૯૬૩થી થઈ ત્યારે વઢવાણ તાલુકા પંચાયતના પ્રથમ પ્રમુખ તરીકે નિયુક્ત થયા. જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન, જીલ્લા પંચાયતના પ્રમુખ અને ધારાસભ્ય તરીકે સેવાઓ આપેલી. તેઓ જિલ્લા પંચાયતના પ્રમુખ હતા ત્યારે જિલ્લા પંચાયતથી બપોરે જમવા આવે તો ઘરશાળામાં આવવા માટે સીટી બસમાં મુસાફરી કરે. પોતાની કાર પણ નહીં. મોટે ભાગે કોઈના મોટર સાયકલમાં મુસાફરી કરે. કારણ કે આતો પ્રકૃતિનો અને પ્રવૃત્તિઓનો માણસ હતો. સાદગી અને સરળતાનો અનુબંધ. જેવું કથન, એવું જ જીવન. કરણી અને કથનીમાં ક્યારેય ફેર નહોતો જોવા મળ્યો. અત્યારે તો... (નથી લખવું.)

અગરિયાની જેમ સમસ્યાઓ હતી તેના વિશે સંશોધન કર્યું. જે સંશોધનના આધારે સમસ્ત ગુજરાતના અગરિયાઓની સમસ્યાઓનું નિરાકરણ કરવા માટેનું

આયોજન કરવામાં આવ્યું. શ્રી અરવિંદભાઈએ કરેલા ખારાઘોડાના રણના અભ્યાસ ઉપરથી BBC એ documentary બનાવી પ્રસારિત કરેલી. ઝાલાવાડની પાણીની સમસ્યા, સૌરાષ્ટ્રની અને ગુજરાતની પાણીની સમસ્યા ઉપર સંશોધનાત્મક પુસ્તકોનું આલેખન કરેલું છે. નર્મદા યોજના અને ઝાલાવાડની જળસમસ્યા ઉપરના પુસ્તકે ગુજરાતને નવી દિશા આપી છે. જેમણે National Institute of Community Development, Haidrabad National Co. O. Union of Inai, New Delhiમાં તાલીમ મેળવેલી હતી.

ઝાલાવાડમાં ક્યાંય ભજનો હોય તો પહોંચી જાય. ભજનો સાંભળતાં એક અલગ જ સમાધિવસ્થામાં આ માણસ ચાલ્યો જાય. તેમના સંતવાણી સાંભળવાના શોખને કારણે અમોને ઘરશાળામાં સમર્થ વાર્તાકાર શ્રી બચુદાન ગઢવી, ભજનાનંદી ડોલરદાન ગઢવી, દયાળુ બાબુભાઈ રાણપુરા, શ્રી બાપલભાઈ ગઢવી જેવા સાહિત્યકારો અને ભજનીકોને સાંભળવાનો અવસર મળતો. ઘરશાળાના કેમ્પસમાં દરિદ્રનારાયણની સેવા કરતો તપસ્વી અને ભજનાનંદી જાણે કે, ભજનનો આરાધ કરીને ગાઈ રહ્યા છે કે – ‘‘ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની, અમે તારા નામની અલખના ધામની...’’

સંસારમાં રહીને સંન્યાસી જીવન છેલ્લા શ્વાસ સુધી જીવી ગયા. મૃત્યુના છેલ્લા શ્વાસ સુધી ઘરશાળાની તપોભૂમિનું સ્મરણ રહ્યું. તેમની ઈચ્છાનુસાર સ્મશાનયાત્રાનો વિહામો ઘરશાળામાં આપવામાં આવ્યો. ઘરશાળાને છેલ્લા પ્રણામ કરી આ દિવ્ય ચેતના આલોકથી પરલોકમાં સમાઈ ગઈ. પૂજ્ય ભાઈ, આપના દિવ્ય ચેતનાને શત શત પ્રણામ કરું છું. આપની દિવ્ય ચેતનાની અનુભૂતિ આજે પણ ઘરશાળાની માટીમાં અને હવામાં તેની સોડમ આવે છે. આપની સાતમી પુણ્યતિથિ (મૃત્યુ : ૨૨મી ઓગસ્ટ, ૨૦૧૩) નિમિત્તે આપના પ્રિય બાળકના વંદન સ્વીકાર કરશો... ૐ શાંતિ.

છેલ્લે... આપનો પ્રેમ પ્રાપ્ત કરવાનું સદ્ભાગ્ય આ ભવમાં મળ્યું તે માટે ઈશ્વરનો પાડ.

**- પ્રાચાર્ય, ડાયેટ, સુરેન્દ્રનગર.**

**ગતિશીલ : ૯૮૨૪૮ ૨૫૫૬૧**

# સામતપરનો ઠાકર, રામઠાકર

- મુકેશભાઇ એસ. બદ્રેશિયા

‘પ્રશંસામાં નથી હોતી કે નિંદામાં નથી હોતી,
મજા જે હોય છે મૌનમાં, તે ચર્ચામાં નથી હોતી.’

આજે ચર્ચા કરીને મૌન થઇ જવું છે. ચર્ચા બાદના મૌનમાં જે ચિંતન થશે તે સંકલ્પ બનીને શિક્ષકને દોડતો કરશે તે નક્કી છે. ચર્ચા કરવી છે; સાયલા તાલુકાના સામતપર ગામની અને તેની શાળાની.

સારૂં તો સૌને ગમે, પણ રામ ઠાકર નામનો શિક્ષક કઇંક જુદું વિચારે. H-TAT પરીક્ષા પાસ કર્યા બાદ, સારા ગુણ હોવાને કારણે સારી શાળા મળે તેમ હતી. છતાં આ શિક્ષક એવી શાળાની પસંદગી કરે છે કે જ્યાં માળખાગત સુવિધાઓનો અભાવ હતો અને શરૂ થાય છે એમની એક નવી યાત્રા...

સામતપર ગામ અતિ પછાત ગામ. તે ગામમાં આ આચાર્યનું આગમન થયું. આ સમયે પ્રથમ દિવસે જ શાળામાં જોયું તો વિદ્યાર્થીની હાજરીનું પ્રમાણ ૫૦% જેટલું જ હતું અને તેમાંય કન્યાઓની હાજરી ખૂબ જ ઓછી. વાલીના સારા–ભલા પ્રસંગમાં હાજરી આપવી, શાળા સમય બાદ સઘન વાલી સંપર્ક કરવામાં આવ્યો. વાલી મિટિંગો કરવામાં આવી. આજે શાળામાં ૯૫% બાળકોની હાજરી જોવા મળે છે.

ધો.૮ પછી કન્યાઓને આગળ ભણાવવાનો રિવાજ બહુ ઓછા ઘરમાં હતો. રામભાઇ દ્વારા ૨૬મી જાન્યુઆરીના દિવસે એક દીકરીને ભારતમાતા બનાવી ઘોડા ઉપર બેસાડી સમગ્ર ગામમાં ડી.જે. સાથે રાષ્ટ્રગીત, દેશભક્તિ ગીતના સથવારે ગામમાં પરિક્મ્મા કરવામાં આવી. પરિણામે ગ્રામજનોને કન્યા કેળવણીનું મહત્ત્વ સમજાયું અને ૭૦% કન્યાઓ ધો.૮ પછી આગળ અભ્યાસ માટે તાલુકા કક્ષાએ જવા માંડી. રાષ્ટ્રીય પર્વોની ધામધૂમ સાથે ઉજવણી શાળામાં થાય છે. ગામમાં તે દિવસે સંપૂર્ણ બંધ પાળવામાં આવે છે. ગામના બધા જ લોકો શાળામાં ભેગા થઇ રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરે છે. જેની હકારાત્મક અસર આજુ–બાજુના ગામમાં પણ જોવા મળી.





ધો. ૬ થી ૮ના ત્રણેય વર્ગો સ્માર્ટ ક્લાસ છે. જેમાં 'જ્ઞાનકુંજ' પ્રોજેક્ટની મદદથી પ્રોજેક્ટર દ્વારા શિક્ષણ અપાય છે, શાળામાં શિસ્ત અને નેતૃત્વના વિકાસ માટે શાળા પંચાયત અને તેની વિવિધ સમિતિઓ કાર્યરત છે. જેના કારણે શાળામાં શૈક્ષણિક ગુણવત્તા વધી. આજે સામતપર પ્રા. શાળામાં બહારગામના ૬૦ જેટલાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શિક્ષણની સુવાસ એવી તો ફેલાણી કે લોકો પોતાના પણ દીકરા–દીકરીને સામતપર ભણવા માટે પોતાના સગા–વહાલાને ત્યાં રાખીને ભણાવી રહ્યા છે.

જીવનલક્ષી અને પર્યાવરણક્ષી શિક્ષણ માટે શાળાનો સમગ્ર સ્ટાફ એક જૂથ છે. ૪૦૦ જેટલાં વૃક્ષો કિલકિલાટ કરતા ઉછરી રહ્યા છે. આ શાળાનો કિચન ગાર્ડન અને ઔષધબાગ જોવા જેવો ખરો. વળી આ શાળાની પોતાની નર્સરી છે. તેમજ શાળા પોતે જ ઓર્ગેનિક ખાતર બનાવી તેનો ઉપયોગ કરી ફૂલ–છોડ અને વૃક્ષોને ઉછેરે છે. શાળામાં ઉગાડવામાં આવતી શાકભાજીનો ઉપયોગ મધ્યાહ્ન ભોજનમાં પણ થાય છે.

શાળામાં ગુણવત્તાયુક્ત શિક્ષણની સાથે સાથે મૂલ્યશિક્ષણના પ્રયોગો પણ કરવામાં આવે છે. ગામમાં વિવેકાનંદ યુવક ગૃપનો સાથ લઇ ત્રણ વાર બ્લડ ડોનેશન કેમ્પ કરી સમાજસેવાનું કાર્ય પણ આ શાળા દ્વારા થાય છે, તે નોંધવા જેવી બાબત છે.

શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ, ગ્રામજનો અને આચાર્યના સંયુક્ત પ્રયાસોના પરિણામે વર્ષ ૨૦૧૬માં 'પ્રેમની પરબ' સંસ્થા દ્વારા આ શાળાને શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ પ્રાપ્ત થયો. રામભાઇ ઠાકરને ૨૦૧૭માં શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ પ્રેમની પરબ દ્વારા અને ૨૦૧૯માં ડાયેટ સુ.નગર દ્વારા કરૂણાવાન શિક્ષક તરીકે નવાજવામાં આવ્યા.


એટલે તો કાળ સામે છું, અડીખમ આજે પણ,<br>
બાજીઓ હારી હશે, હિંમત હજી હારી નથી.

શૂન્ય પાલનપૂરીનો આ શેર એવા કેટલાય શિક્ષકો અને આચાર્યોને નવું પ્રેરકબળ પુરૂં પાડે છે. સફળતા માટે સંઘર્ષ જારી રાખવો પડશે. સાથ સર્વનો વિકાસ માટે લેવો પડશે. કર્મનિષ્ઠ અને કર્તવ્યપરાયણ એવા શ્રી સામતપર પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી રામભાઇ ઠાકરના શબ્દોમાં કહીએ તો... અડચણો આવે તો મુંઝાઇને મૂરઝાવું નહીં પણ મલકાઇને ખીલી જવું.

**- આચાર્ય,**

**શ્રી રામકૃષ્ણ પ્રા. શાળા નં.૧૭, સુ.નગર**

# દિવાસ્વપ્ન
## ગિજુભાઈ બધેકા




**- પંચાલ નીતિનકુમાર ભરતકુમાર**

પુસ્તક : દિવાસ્વપ્ન
લેખક : ગિજુભાઈ બધેકા
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ.
મુલ્ય : ૪૦/– રૂ.

શિક્ષણમાં પરંપરા કરતાં પ્રયોગનું મહત્વ વધુ છે. એમાંય એ પ્રયોગો જો અનુભવની એરણ ઉપર ઘડાયેલા હોય તો તો વરદાનરૂપ જ ગણાય ! ગિજુભાઈ બધેકાના, શિક્ષણજગતના અનુભવોની ફળદ્રુપ ભૂમિમાં પાંગરેલા પ્રયોગપુષ્પો એટલે 'દિવાસ્વપ્ન'. આ પુસ્તકના પ્રયોગો આજેય નવીનતમ શિક્ષણવિભાવનાઓને ઓજસ્વી કરે છે.

દિવાસ્વપ્ન એ શિક્ષક શ્રી લક્ષ્મીરામની વાર્તા છે, જેણે શિક્ષણની રૂઢીવાદી સંસ્કૃતિને નકારી છે. તે બાળકો પ્રત્યે ઉત્સાહી રહે છે અને શિક્ષણ તેમજ સુચિત પાઠ્યપુસ્તકોની પરંપરાઓની સભાનપણે અવગણના કરી પ્રયોગ કરવાનું ચાલુ રાખે છે. તેમના પ્રયોગોની સૈદ્ધાંતિક પૃષ્ઠભૂમિ મોન્ટેસોરીમાં રહેલી છે, પરંતુ તેની તૈયારી અને અમલ સંપૂર્ણ રીતે સ્થાનિક છે.

પ્રસ્તુત પુસ્તક એ લેખકના અનુભવોનો નીચોડ છે અને વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડવામાં ખૂબ મદદરૂપ થાય છે. લેખકના શબ્દોમાં મૂલવીએ તો, ''દિવાસ્વપ્ન નું મૂળ વાસ્તવિક અનુભવ હોય તો તે મિથ્યા નથી જતા. આ દિવાસ્વપ્ન મારા જીવંત અનુભવોમાંથી ઉપજ્યું છે અને મારી ખાતરી છે કે પ્રાણવાન ક્રિયાપ્રધાન કલ્પક શિક્ષકો પોતાને માટે પણ તે વાસ્તવિક કરી શકશે.''

અગાઉના વર્ષોમાં પ્રાથમિક શિક્ષણની પદ્ધતિઓ બાળકને નુકસાન કરનારી અને તેમના વિકાસને રૂંધનારી સાબિત થતી હતી. શિક્ષણનું માપ માત્ર પરીક્ષાઓ દ્વારા અને હરિફાઈઓ દ્વારા કરવામાં આવતું હતું. શિક્ષણના પરિણામો જાણે કે વેરઝેર, મારામારી અને અશાંતિ દર્શાવનાર જણાતા ત્યારે બાલશિક્ષણની એ કરુણતાનો સુંદર અને મનોહર ઉકેલ લેખકે કેવી રીતે પ્રાપ્ત કર્યો તેની માહિતી આ પુસ્તક દ્વારા પ્રાપ્ત થાય છે.

આ પુસ્તક બાળશિક્ષણની પદ્ધતિને બદલનારા વિવિધ પ્રયોગ કરનાર અનેક શિક્ષકોને માર્ગદર્શન પૂરું પાડે છે. આ પુસ્તકમાં પ્રાથમિક શાળાના એટલે કે ૭ થી ૧૪ વર્ષના બાળકોને પ્રયોગ દ્વારા શિક્ષણ આપવાની વાત છે.

કોઈપણ પ્રયોગ અને તે પણ જીવંતપાત્રો પર કરવા એ ખૂબ મૂશ્કેલ બાબત છે અને એમાંય એવી પાટી કે જેના પર પરંપરાગત શિક્ષણ પદ્ધતિ કોતરી નાખવામાં આવી હતી તેવા ધોરણ ચારના વિદ્યાર્થીઓ પર લેખક દ્વારા કેવી રીતે પ્રયોગની શરૂઆત થઈ. કંઈ કેટલીય સરકારી મુશ્કેલીઓ, નવા પ્રયોગ માટે ખુદ આચાર્ય પણ ચિંતિત હોય અને સહકર્મીઓ તો હરહંમેશ ટીકાકાર હોય જ ત્યારે સહેજ પણ હિંમત હાર્યા વગર એક નવી જ પદ્ધતિ દ્વારા બાળ શિક્ષણના આરંભની રસપ્રદ વાત આ પુસ્તક દ્વારા જાણવા મળે છે.

બાળકને અભિમુખ કરવા માટે વાર્તા કહેવાની શરૂઆત થઈ અને પ્રથમ કાલ્પનિક અને ત્યારબાદ અભ્યાસક્રમ અંતર્ગત વિષયોને પણ ખુબ સુંદર રીતે વણી લેવામાં આવ્યા.

વર્ગખંડની અંદર નાનું સરખું પુસ્તકાલય કેવી રીતે શરૂ થયું? રમતાં-રમતા જ બાળકોને વિવિધ વિષયના પુસ્તકોના વાંચનની સુટેવ કઈ રીતે વિકસાવવામાં આવી તેની સુંદર માહિતી આ પુસ્તક દ્વારા પ્રાપ્ત થાય છે. આ પ્રયોગ આપણા વર્ગખંડમાં કરવા જેવો છે. તે તમે આ પુસ્તક વાંચશો ત્યારે જ જાણવા મળશે.

કવિતા વાંચન અને મુખપાઠ માટે અંતાક્ષરીની રમતનો ઉપયોગ, તો ઈતિહાસની ઘટનાઓ માટે નાટ્ય પદ્ધતિનો પ્રયોગ નવતર ઢબે થયો. ભૂગોળ નકશા વાંચન માટે ગોખણપટ્ટીના બદલે નાની-નાની રમતો અને પ્રવાસીઓના વાંચન વગેરે દ્વારા બાળકોને જ્ઞાન આપવાની શરૂઆત થઈ. આમ આવા અનેક પ્રયોગો વધુને વધુ શિક્ષકો કરે અને પોતાની આગવી સૂઝથી જો કામ લે તો ભણવું-ભણાવવું કંટાળાજનક ન રહેતાં રસપ્રદ કેવી રીતે બને તેની સાચી સમજ આ પુસ્તક દ્વારા પ્રાપ્ત થાય છે. પુસ્તકમાં ગિજુભાઈએ રજૂ કરેલા નાયક સાથે વાચનારનું તાદાત્મ્ય એવી રીતે સધાય છે કે જાણે વાંચનાર જ પ્રયોગ રજૂ કરી રહ્યો હોય અને તેની સફળતા માટે ઝઝૂમી રહ્યો હોય તેવું નિરૂપણ લેખકે કર્યું છે. ટૂંકમાં શિક્ષણમાં કે વિજ્ઞાનમાં જોવામાં આવ્યું છે કે શક્ય હકીકત બને કે બની શકે તે પહેલા કોઈ આર્ષદ્રષ્ટા એ પોતાને સૂઝતી વાત વાર્તા દ્વારા રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

**નિષ્કર્ષ :**

‘‘શાળાનો પ્રાથમિક હેતુ બાળકની પોતાની દુનિયાની શોધ કરવાનો અને બાળકોની પ્રતિભાઓને ઓળખવા અને પરિપક્વ માર્ગદર્શન આપવાનો છે. જેમ દરેક બીજમાં ભાવિ વૃક્ષ હોય છે, તેમ દરેક બાળક અનંત સંભાવના સાથે પાંગરે છે.’’

**- મદદનિશ શિક્ષક, શ્રી વડિયા પ્રાથમિક શાળા.**



5 સપ્ટેમ્બર-2020 શિક્ષક દિન નિમિત્તે...

# શિક્ષકદર્શન...

- ભરતભાઇ એન. દેવૈયા

જેમ પંખીનો એવોર્ડ એની પાંખમાં હોય છે, તેમ શિક્ષકોનો એવોર્ડ વિદ્યાર્થીની આંખમાં હોય છે. પગાર દ્વારા પૈસા જરૂર મળે, પણ બાળપ્રેમ મેળવવા તો દિલથી કામ કરવું પડે. શિક્ષકનું સ્થાન વર્ગખંડમાં તો હોય જ, પણ વિદ્યાર્થીઓના હૃદયખંડમાં સ્થાન પામે તે આદર્શ શિક્ષક.

શિક્ષકને સુખ ક્યાંથી હોય ? એતો સતત એના ભૂલકાઓની ચિંતામાં રત હોય છે. બાળકોના સુખે સુખી અને એના દુઃખે દુઃખી ઋષિતુલ્ય શિક્ષક પોતાના પગારમાંથી પણ રકમ વાપરતા અચકાતો નથી. આવા શિક્ષકો વર્ગખંડમાં પણ બાળકોને 'અભયદાન' આપતા હોય છે. કારણ કે જ્યાં ભય હોય ત્યાં પ્રેમ ન હોય અને પરસ્પર પ્રિત વગર શિક્ષણ શક્ય નથી. માટે આદર્શ શિક્ષક સદા નિર્ભય રહી બાળકોને પણ નિર્ભય બનાવે છે. ક્યારેક કોઇ બાબતે બાળકોને ઠપકો આપવો પડે તો પણ બાળક જેટલું જ દુઃખ પોતે અનુભવતો હોય છે. આવા સ્નેહ અને લાગણીનાં સંબંધોથી તે ગૂંથાયેલો હોય છે. 'સહાનુભૂતિ'થી પણ એક ડગલું આગળ 'પરાનુભૂતિ' ધરાવનાર આવા શિક્ષક માટે અસ્તિત્વ પણ આશીર્વાદ વરસાવતું હોય છે. શિક્ષણમાં અવનવી પ્રવૃત્તિઓ દ્વારા વર્ગખંડને જીવંત બનાવનાર શિક્ષક પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ વિચલિત થયા વગર બાળકના રસ-રુચિ મુજબ કાર્ય કરી શાળાને નંદનવન બનાવે છે. પોતે ખૂબ વાંચન કરી બાળકોની જિજ્ઞાસા સંતોષવા પ્રયત્નશીલ હોય છે. મુશ્કેલીમાંથી માર્ગ કાઢી પ્રશ્નોને પગથિયા બનાવી આદર્શ શિક્ષક બાળઘડતર માટે હંમેશા તત્પર હોય છે. તેની પાસે 'પ્રેમ' નામનું અદ્ભૂત ટી.એલ.એમ. હોય છે, જેના થકી તે વર્ગખંડને પણ સ્વર્ગ જેવો સુંદર બનાવે છે. તે વર્ગખંડમાં શ્રાવણના વરસાદ માફક ધીમી ધારે જ્ઞાનનો અભિષેક કરે છે, જેમાં ભિંજાઇને અનેક બાળકો ધન્ય અને જગ માન્ય બને છે.

આવા આદર્શ શિક્ષક નિષ્ઠા અને પ્રામાણિકતાના પૂજારી હોય છે. ઉમદા ચારિત્ર્ય એ જ એમનું ઘરેણું હોય છે. આદર્શ શિક્ષક હજાર હાથવાળો હોય છે. અર્થાત્ હજારો હાથ તેને મદદ કરવા આતુર હોય છે, છતા તે જરૂરી પૂરતી જ બીજાની મદદ માગે છે. બગીચાના માળીની જેમ તે બાળકોની ઝીણવટ ભરી કાળજી રાખે છે. આવા શિક્ષકો માન-પાન-સન્માનની માયાજાળથી દૂર હોય છે, છતાં તેમનું સન્માન કરીને સમાજ ધન્યતા અનુભવે છે.

આવા શિક્ષકો બાળકોને વ્હાલ કરે ત્યારે વશિષ્ટ, કલમ ઉઠાવે ત્યારે વ્યાસ, કરુણા વરસાવે ત્યારે વાલ્મિકી, સમાજ સેવામાં દધીચિ અને અસત્યનો સામનો કરે ત્યારે સાક્ષાત ચાણક્ય જેવા હોય છે. એની નસનસમાં બાળપ્રેમ અને રાષ્ટ્રપ્રેમ ધબકતો હોય છે. કદાચ પોતે ઓછું બોલે... પણ એમનું કામ બોલતું હોય છે. અત્ર–તત્ર–સર્વત્ર એમની સુવાસ ફેલાયેલી હોય છે. આવા શિક્ષકોની હાજરીમાત્રથી વાતાવરણ પાવન અને આનંદદાયી લાગે છે. આવા શિક્ષકો વિદ્યાર્થીઓના દિલમાં ચિરંજીવી હોય છે, માટે આજે પણ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન, આચાર્ય ચાણક્ય કે ગિજુભાઈ બધેકા આપણને એટલા જ પ્રસ્તુત લાગે છે.

આદર્શ શિક્ષકનું આચરણ અણીશુદ્ધ હોય છે ને જ્ઞાનથી તે બુદ્ધ હોય છે. તેઓ દંભના ડગલા પહેરી બીજાને પ્રભાવિત કરવાને બદલે પોતાની જ્ઞાન જ્યોતથી રાષ્ટ્રને પ્રકાશિત કરે છે. તેઓ સસ્તી લોકપ્રિયતા માટે વલખા મારવાને બદલે બાળકના હોઠો પર મુસ્કાન ઉગાડવા મથતા હોય છે. મસ્તકનું જ્ઞાન હૃદય સુધી લાવીને તેઓ શિક્ષણ સાથે સંસ્કાર ઘડતર કરે છે.

આદર્શ શિક્ષકો દ્રઢ મનોબળ વાળા હોય છે, તેમાય પ્રાથમિક શાળાનો શિક્ષક એ તો સમગ્ર ઈમારતનો પાયો છે. વધારે વજન તો આ પાયા ઉપર જ આવવાનો એ પણ નક્કી જ છે... માટે દ્રઢ મનોબળ સાથે, પુરો આત્મવિશ્વાસ કેળવીને તે કાર્ય કરે છે. આવા સત્ય નિષ્ઠ શિક્ષકો હંમેશા મંથન કરતા હોય છે કે...
"શિક્ષક એ ધંધો નથી પણ ધર્મ છે."

આવું માનનાર શિક્ષક મારી દષ્ટિમાં સદ્‌ગુરુથી સ્હેજ પણ કમ નથી. એમના ચરણોમાં નતમસ્તક વંદન છે... વંદન છે... વંદન છે...

**- શિક્ષક, કે. મિડલ સ્કૂલ, લખતર, તા.લખતર**



## શ્રદ્ધાંજલિ

**શંકરલાલ કે. ડામોર**

અણિયાળી પ્રાથમિક શાળા,
તા.લખતર, જિ.સુરેન્દ્રનગર.



## અભિનંદન અને શુભેચ્છાઓ

(૧) અભિનંદન અને શુભેચ્છાઓ પલાશને. ફરી જીવંત કરવા બદલ, પ્રગટાવવા બદલ. પલાશની પાનખર પૂરી થઈ અને નવા ઉન્મેશો સાથે પલાશ બેઠું થયું છે તેનો આનંદ છે મને. તેને જીવની જેમ જાળવજો. હવે તમારે નહી બોલવું પડે. પલાશ બોલશે. દુનિયા જોશે. રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી તાલીમ ભવન, સુરેન્દ્રનગરને. ખૂબ ગમ્યું. સલામ પલાશને ફરી અવતરણ કરાવનાર સૌ મિત્રોને...

**- કિશોરભાઈ પાર્થ (લેક્ચરર, ડાયેટ-અમદાવાદ શહેર)**

(૨) આખો અંક વાંચ્યો. સંપાદન સરસ થયું છે. એક ઉપયોગી ઉમેરણ થયું છે. સૌના ઉત્સાહ અને પ્રયત્નને ખૂબ ખૂબ અભિનંદન.

**- ચંદ્રકાંત વ્યાસ (પ્રોજેક્ટ ડાયરેક્ટર, પ્રેમની પરબ)**

(૩) પલાશ... એના નામ પ્રમાણે શિક્ષણક્ષેત્રે રંગો પાથરશે. અંક માહિતીસભર છે. ખાસ શિક્ષક માટે અભિવ્યક્તિનું માધ્યમ જરૂરી હોય છે એ પલાશ પુરું પાડશે. અભિનંદન...

**- તૃપ્તિબહેન આચાર્ય (સમાજસેવિકા)**

(૪) સુરેન્દ્રનગર ડાયેટ દ્વારા પ્રાચાર્યશ્રી ડૉ. સી. ટી. ટુંડિયાના અધ્યક્ષ સ્થાનેથી ‘પલાશ’ પુનઃ પ્રગટ થયું તે આનંદ સાથે વધામણાં કરું છું. ‘પલાશ’ દર ત્રણ મહિને સાંપ્રત સાહિત્યથી ખીલતું રહેશે તેનો વિશેષ આનંદ બની રહેશે. ડાયેટની આગવી ઓળખ દર્શાવતી તસ્વીર સાથેનો આ પ્રથમ અંક આકર્ષિત – રુચિકર લાગ્યો. તંત્રી સાથે જોડાયેલ ‘પલાશ’ ટીમ અને લેખકમિત્રોને વંદન... અભિનંદન...

**- ભાઈલાલ ગુર્જર (શ્રેષ્ઠ રાજ્ય પારિતોષિક એવૉર્ડ સન્માનિત આચાર્ય)**

(૫) પલાશના જન્મ વખતે હું ત્યાં જ હતો. તે વખતે ડૉ. ટુંડિયા અધ્યાપક હતા છતાં પલાશનું પ્રકાશન કરવાની નીડરતા બતાવી હતી. આજે તેઓ પ્રાચાર્ય થયા, ડૉ. થયા છે ને ત્યારે પલાશને પુનઃજીવન મળે છે તેનો આનંદ અપાર છે. તે ત્રિમાસિક તરીકે વિકસી ને ડાયેટ જ નહી કેળવણી જગતનું સામયિક બને તેવા આશીર્વાદ.

**- ડૉ. મોતીભાઈ પટેલ (કેળવણીકાર), તંત્રી ‘સમણું’**

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – સુરેન્દ્રનગરની કેટલીક તસ્વીરો



રાષ્ટ્રીય
શ્રેષ્ઠ શિક્ષક એવૉર્ડ વિજેતા
શ્રી મહિપાલસિંહ જેતાવતનું
સન્માન


નિષ્ઠા મૉડ્યુલ
ભાવાનુવાદ બેઠક
ડાયેટ ટીમ,
સુરેન્દ્રનગર





જિલ્લા શિક્ષણ સમિતિ
તથા જિલ્લા પ્રાથમિક
શિક્ષક સંઘ દ્વારા
બ્લડ ડોનેશન કેમ્પ

# મુછાળી મા









## શ્રી ગિજુભાઈ ભગવાનજી બધેકા

**જન્મ : ૧૫મી નવેમ્બર, ૧૮૮૫ (ચિત્તળ)**
**મૃત્યુ : ૨૩મી જૂન, ૧૯૩૯ (મુંબઈ)**

ગુજરાતમાં બાળસાહિત્ય અને બાળશિક્ષણની સમજનો પાયો નાખનાર, બાળસાહિત્ય ગ્રંથમાળા – બાળ સાહિત્ય ગુચ્છ – બાળસાહિત્ય વાટીકા – મહાત્માઓના ચરિત્રો – કિશોર કથા – રખડું ટોળી – વાર્તાનું શાસ્ત્ર – મોન્ટેસરી પદ્ધતિ – શિક્ષક હો તો – બાળ જીવનમાં ડોકિયું – શિક્ષણના વહેમો – દિવાસ્વપ્ન જેવા અનેક પુસ્તકોના લેખક, શિક્ષક, આચાર્ય, કેળવણીકાર તથા વકીલ.

**પ્રતિમાનું સૌજન્ય :**
**શિલ્પકાર શ્રી એન. કે. રાવળ,**
નિવૃત્ત લેક્ચરર, ડાયેટ – સુરેન્દ્રનગર.

બુક–પોસ્ટ

To ____________________

____________________

____________________

રવાના :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

મુદ્રક : ઝબ્મા એન્ટરપ્રાઈઝ, સુરેન્દ્રનગર. (કુલ પેજ-૨૪)